જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૧/૨૦૧૪ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૭૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી ૬૫ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધાર હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૬૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૮૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૭૮૧/૧૪**

**દાણીલીમડા :** લીયાકત હુસેનભાઇ ચૌહાણ (રહે.શાહઆલમ નગર, આર.એમ.પાનનાં ગલ્લા પાછળ, ડાયમંડ સ્કુલ પાસે, બેરલ માર્કેટ અંદર, દાણીલીમડા) એ તા.૧૧/૧૧/૧૪ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧૧/૧૪ નાં કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી હિનાકૌસર (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**સરખેજ :** સુરસંગભાઇ નાજુભાઇ બારીયા (રહે.સંતુર બંગલાની સામે, આંબલીગામ, સરખેજ) એ તા.૧૧/૧૧/૧૪ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી આશાબહેન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.કે.ગઢવી ચલાવે છે.

**ચોરીઃ -** **સમાચાર યાદી નં.૨૭૮૨/૧૪**

**એલીસબ્રીજઃ** કિરણબહેન અનુશભાઈ શ્રીવાસ્તવ (ઉ.વ.૨૯)(રહે.નિશાંત એપાર્ટમેન્ટ ભુદરપુરા રોડ આંબાવાડી) ની નજર ચુકવી આંબાવાડી શાક માર્કેટ કલ્યાણ જવેલર્સ નજીકથી તા.૧૦/૧૧/૧૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ કિરણબહેનના પર્સમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ જરૂરી કાગળો સાથેના પર્સની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કિરણબહેન શ્રીવાસ્તવએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.